<u>નવી બાબત વર્ષ: ૨૦૨૫-૨૬</u>

અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને ભારત સરકારશ્રીની અગ્નિવીર પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવા માટે સૂબેદાર રામજી સકપાલ અગ્નિવીર તાલીમ યોજના અમલમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2024/2252/G
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધા:</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૧૦/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૨૪/૩૬૯૪-૯૫

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૪-૨૫/૧૧૪૪-૪૬

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૮/૧૦/૨૦૨૪ના પત્રથી સમાજના છેવાડાના અનુસૂચિત જાતિના યુવાનો પણ રાષ્ટ્રની સુરક્ષા સેવામાં જોડાય અને તેમાં પોતાની કારકિર્દી બનાવે તેવા ઉમદા હેતુથી રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, જિ.ગાંધીનગર મારફત ભારત સરકારશ્રીની અગ્નિવીર પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સૂબેદાર રામજી સકપાલ અગ્નિવીર તાલીમ યોજના અમલમાં મૂકવા વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં રૂ.૦.૫૧ કરોડની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જેનો વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૮/૦૩/૨૦૨૫ના પત્રથી સદરહુ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિના યુવાનોને ભારત સરકારશ્રીની અગ્નિવીર પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સૂબેદાર રામજી સકપાલ અગ્નિવીર તાલીમ યોજના અમલમાં મૂકવા અંગેની રૂ.૦.૫૧ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) આ યોજનાનું અમલીકરણ રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, જિ.ગાંધીનગર મારફતે કરવાનું રહેશે.

(૨) આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ૧૫૦ તાલીમાર્થીઓને ૭૫ દિવસ માટે તાલીમ આપવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ નાણાનો ખર્ચ નીચે મુજબ કરવાનો રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (03:42 PM)

| ક્રમ | વિગત | ખર્ચ |
|---|---|---|
| ૧ | તાલીમાર્થીઓના રહેવા માટેની સુવિધા | રૂ.૧૯,૧૩,૦૦૦/- |
| ૨ | તાલીમાર્થીઓને જમવા માટેની સુવિધા | રૂ.૭,૫૦,૦૦૦/- |
| ૩ | તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ ખર્ચ | રૂ.૩,૭૫,૦૦૦/- |
| ૪ | શારીરિક શિક્ષણ પ્રશિક્ષકોનો ખર્ચ | રૂ.૭,૨૦,૦૦૦/- |
| ૫ | શિક્ષણવિદ / શિક્ષકોનો ખર્ચ | રૂ.૬,૦૦,૦૦૦/- |
| ૬ | પ્રચાર પ્રસાર માટે ખર્ચ | રૂ.૭,૫૦,૦૦૦/- |
| કુલ | | રૂ.૫૧,૦૮,૦૦૦/- |

(૪) પ્રત્યેક તાલીમાર્થીદીઠ મહીનાના રૂ.૧૦૦૦/- લેખે, કુલ રૂ.૨૫૦૦/- સ્ટાઈપેન્ડ ડીબીટી મારફત તાલીમાર્થીના બેન્ક ખાતામાં ચૂકવવાના રહેશે.

(૫) શારીરિક ન્યૂનતમ લાયકાત નીચે મુજબ રહેશે.

ઉમર-૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષ

ઉંચાઈ-૧૬૮ સે.મી.

વજન-૫૦ કિ.ગ્રા.

છાતી-૭૭+૫ સે.મી.

(૬) તાલીમાર્થીઓની શૈક્ષણિક ન્યૂનતમ લાયકાત ધોરણ-૧૦ માં ઓછામાં ઓછા ૪૫% રહેશે.

(૭) તાલીમાર્થીઓની પસંદગી માટે બહોળી પ્રસિધ્ધ ધરવતા કોઈ પણ ૨ વર્તમાન પત્રમાં જાહેરાત આપવાની રહેશે.

(૮) રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા તાલીમાર્થીઓની મળેલ અરજીઓ પૈકી પ્રાથમિક તબક્કે શારીરિક કસોટી તથા લેખિત પરીક્ષા દ્વારા તાલીમાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

(૯) આ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા રાખવાની રહેશે.

(૧૧) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૨) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૧૪) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (03:42 PM)

(૧૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૬) વર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૯) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૧) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી નંબરઃ ૯૫-(અનુસૂચિત જાતિ કલ્યાણ); મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ; પેટા મુખ્ય સદરઃ ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ; ગૌણ સદરઃ ૨૭૭ શિક્ષણ ; પેટા સદરઃ (૧૦) SCW-11 ઈન્કમ એન્ડ એમ્પ્લોયમેન્ટ જનરેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ હેઠળ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૧/૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (03:42 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).

(૮) સિલેક્ટ ફાઇલ-૨૦૨૫